# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-08-2025 Day: Friday Morning : 6.40 to 6.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણી-1 રાષ્ટ્ર

79 મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સૌન શુભકામના સાથે સમાચાર આશુતોષ અંતાણી વાંચે છે. રાષ્ટ્ર આજે આન બાન અને સાન સાથે 79 મું સ્વાતંત્ર્ય ઉજવી રહ્યું છે.

રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીના પ્રતિષ્ઠિત લાલ કિલ્લા પરથી ઉજવણીનું નેતૃત્વ કરશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે અને પ્રતિષ્ઠિત સ્મારકના પ્રાચીર પરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. 2047 સુધીમાં વિકસિત ભારતના સરકારના વિઝનને સાકાર કરવા તરફ રાષ્ટ્ર વિશાળ પ્રગતિ કરી રહ્યું છે, આ વર્ષની ઉજવણીની થીમ “નયા ભારત” છે.

---------------------------------------------------------------------------------

## સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણી-2 રાજ્ય

79 મા રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પોરબંદર ખાતે કરાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ધ્વજવંદન કરી પરેડની સલામી ઝીલશે.

---------------------------------------------------------------------------------

## સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણી-3 કચ્છ

સમગ્ર રાષ્ટ્રની સાથે કચ્છ જિલ્લામાં પણ 79 મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાશે. સ્વાતંત્ર્ય દિનની કચ્છની જિલ્લાકક્ષાની ઉજવણી ભચાઉનાં એસ.આર.પી. ગ્રુપ-૧૬ મેદાન ખાતે કરાશે. જેમાં જિલ્લા કલેક્ટર આનંદ પટેલ સવારે પોણા નવ વાગ્યે ધ્વજવંદન કરશે. ઉપરાંત

જિલ્લા મથક ભુજ, ગાંધીધામ સહિત જિલ્લાના દરેક નાના-મોટા ગામ-શહેરોમાં ધ્વજવંદન સહિત રાષ્ટ્રભકતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ : રાષ્ટ્ર જોગ સંદેશ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઇકાલે જણાવ્યું હતું કે ભારત 2047 સુધીમાં વિકસિત અર્થતંત્ર બનવાના માર્ગ પર છે. 79મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધનમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ આનું શ્રેય સામાજિક ક્ષેત્રની પહેલ દ્વારા પૂરક સર્વાંગી આર્થિક વિકાસને આપ્યું હતું. તેમણે કહ્યું કે અમૃત કાલ દરમિયાન રાષ્ટ્ર આગળ વધી રહ્યું છે અને દરેક નાગરિક પોતાની શ્રેષ્ઠ ક્ષમતા મુજબ યોગદાન આપી રહ્યો છે. રાષ્ટ્રપતિ મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે યુવાનો, મહિલાઓ અને લાંબા સમયથી હાંસિયામાં રહેલા સમુદાયો વિકસિત ભારત તરફ દોરી જશે. તેમણે ભારતની આઝાદીની લડત લડનાર સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કર્યા.

પોતાના સંબોધનમાં  સુશ્રી મુર્મુએ જણાવ્યું કે અનેક પડકારો હોવા છતાં ભારતના લોકોએ લોકતંત્રને અપનાવ્યું. તેમણે કહ્યું આયુષ્માન ભારત હેઠળ વિવિધ પહેલો સાથે આરોગ્યસંભાળ ક્ષેત્રમાં એક મોટો ફેરફાર થયો છે.

---------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : રાજય જોગ સંદેશ

79મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે પ્રજાજોગ સંદેશમાં રાજ્યના નાગરિકોને રાષ્ટ્રહિત પ્રથમનું આહ્વાન કર્યું. શ્રી પટેલે કહ્યું, દરેક ગામ અને શહેરોમાં હર ઘર તિરંગા અભિયાનથી જનજનમાં રાષ્ટ્રહિત પ્રબળ બન્યું છે. આજે ભારત વિકાસની હરણફાળ ભરીને વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન પામવા માટે સક્ષમ છે, તેમ જણાવી શ્રી પટેલે આઝાદીનું વટવૃક્ષ સિંચનારા દેશના ક્રાંતિવીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્ર પુરુષોના ત્યાગ, તપસ્યા અને બલિદાનને બિરદાવ્યા. તેમણે જણાવ્યુ, હવે નગરો-ગામોમાં પણ આગામી દિવસોમાં પ્રાદેશિક વાઇબ્રન્ટ સમિટ શરૂ કરાશે.

શ્રી પટેલે કહ્યું, કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રથી વેપાર ઉદ્યોગ ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર, એમ દરેક ક્ષેત્રોમાં સૌને ઉડીને આંખે વળગે તેવો વિકાસ ગુજરાતે કર્યો છે. તેમણે વિકસિત ભારત 2047 માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં તન, મન અને ધનથી સમર્પિત રહેવા નાગરિકોને અનુરોધ કર્યો.

---------------------------------------------------------------------------------

## કચ્છ : સાતમ-આઠમ મેળો

આજે સાતમ આઠમના પર્વ સાથે પર્વો અને મેળાઓના શ્રાવણમાસની ઉજવણી ચરમ સીમાએ પહોંચશે. જિલ્લા મથક ભુજમાં  પરંપરા ગત રીતે યોજાતા સાતમ આઠમના મેળાનો સવારથી આરંભ થશે. આજે શીતળા સાતમ નિમિતે ભુજમાં તેમજ માંડવીમાં શિતળા માતાના સ્થાનકોએ ભાવિકો  દર્શનાર્થે ઉમટી પડશે.

---------------------------------------------------------------------------------

## કચ્છ : માંડવી : મેળો

માંડવી નગરપાલિકા દ્વારા દર વર્ષની જેમ આગામી શ્રાવણ વદ નોમ-દસમ નિમિત્તે બે દિવસીય રાત્રી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૭ મી ઓગષ્ટે સાંજે ગૌરવ પથ પર પુરૂષોના સ્નાનઘાટ પાસે મેળાને ખુલ્લો મૂકવામાં આવશે. આ મેળામાં ખાણી-પીણી ઉપરાંત નાના ભૂલકાઓ માટે આનંદ પ્રમોદના સાધનો, બાળકોના મનોરંજન માટે મોટા કાર્ટુન, મ્યુઝિકલ પ્રશ્નોતરી વાળી હાઉજીની રમત, ઉપરાંત, મહિલા બાગ પાસે સ્ટેજ પ્રોગ્રામ, ઓરકેસ્ટ્રા, કટપુતલી વગેરેનું પણ આયોજન ગોઠવવામાં આવ્યું છે તેમ લોકમેળાના ઈન્ચાર્જ ભૂપેન્દ્ર સલાટ અને જયેશ ભેદાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

## કચ્છ : પ.કચ્છ પોલીસ સન્માન

ઓપરેશન સિંદૂર દરમિયાન ઉત્કૃષ્ટ યોગદાન બદલ પશ્ચિમ કચ્છ પોલીસ વડા વિકાસ સૂંડાને ચીફ ઓફ આર્મી સ્ટાફ સીઓએએસથી સન્માનિત કરવામાં આવ્યા છે.

---

## રાજ્ય વરસાદ આગાહી

કચ્છમાં છેલ્લા ૨ દિવસથી વરસાદીય માહોલ જોવા મળી રહ્યો છે. અનેક વિસ્તારોમાં ઝાપટા વરસી રહ્યા છે ત્યારે મોસમ વિભાગ દ્વારા 18 અને 19 ઓગસ્ટના ભુજમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છમાં ભારે વરસાદ થઇ શકે છે. ઉત્તર ગુજરાત પર સર્જાયેલ સીસ્ટમના કારણે કચ્છમાં ભારે વરસાદ થઇ શકે છે.

---

## કચ્છમાં વરસાદની આગાહી

દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી છે. જ્યારે આવતીકાલે દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉતર, પૂર્વ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 17 ઓગસ્ટથી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ પડી શકે છે.

---

## રાજય શિક્ષક પારિતોષિક -2025

રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2025 માટેના ‘શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક’ જાહેર કરાયા છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત રાજ્યમાંથી કુલ ૩૦ શિક્ષકોની પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે. તેમાં સૌરાષ્ટ્રમાંથી 9 શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જ્યારે દક્ષિણ ઝોનમાંથી 5,  ઉત્તર અને મધ્ય ઝોનમાંથી 8-8 શિક્ષકને ‘શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક’ જાહેર કરાયા છે.

---